મહીસાગરના વરધરીમાં તંત્રએ 20ના સ્ટેમ્પ પેપર પર આપેલું વચન 12 વર્ષે પણ 'કાગળનો ટુકડો' જ રહ્યું !

# વરધરીમાં ગેરકાયદે ખડકાયેલા દબાણો દૂર કરવાનું કામ બાર વર્ષથી ટલ્લે ચડ્યું

**જાગૃત** નાગરિકે 2013માં 18 દિવસ ઉપવાસ કર્યા હતા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.5

મહીસાગર જિલ્લાના વરધરી ગામમાં વર્ષ 2013માં જાહેર માર્ગો અને સરકારી જમીન પરના દબાણો હટાવવા માટે થયેલું આંદોલન 12 વર્ષ પછી પણ પરિણામની રાહ જોઈ રહ્યું છે. જાગૃત નાગરિક શાન્તિભાઈ બી. પટેલ દ્વારા 28મી માર્ચ 2013થી 14મી એપ્રિલ 2013 સુધી સતત 18 દિવસના આમરણાંત ઉપવાસ કર્યા બાદ તંત્રએ દબાણો હટાવવાની ખાતરી આપી હતી, જે 2026માં પણ માત્ર 'કાગળ પરના બુલડોઝર' સાબિત થયા છે. તંત્રની આ ઘોર નિષ્ક્રિયતા સામે ફરી એકવાર કલેક્ટરને પત્ર લખીને કાયદાકીય લડતના મંડાણ કરવામાં આવ્યા છે.

વરધરી ગામમાં વર્ષ 2013માં દબાણનો મુદ્દો વકર્યો હતો, જે તે સમયે પંચમહાલ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા યુદ્ધના ધોરણે દબાણો હટાવવા આદેશો અપાયા હતા. તે સમયે ગ્રામ પંચાયત દ્વારા રિક્ષા ફેરવી જાહેરાત પણ કરાઈ હતી. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, લુણાવાડા ટીડીઓ અને મામલતદારની હાજરીમાં રૂ.20ના સરકારી સ્ટેમ્પ પેપર પર સરપંચ અને સભ્યોએ લેખિત ખાતરી આપી હતી કે તમામ દબાણો દૂર કરવામાં આવશે. જોકે, પારણાં કરાવ્યા બાદ મહીસાગર જિલ્લો નવો બન્યો હોવાના બહાના હેઠળ આખા મુદ્દાને ઠંડા બસ્તામાં નાખી દેવામાં આવ્યો હતો.

આજે 12 વર્ષ વીતી ગયા હોવા છતાં સ્થિતિ 'જૈસે થે' છે. જાહેર માર્ગો પરના દબાણો અકબંધ છે અને ગૌચરની કિંમતી જમીન પર ભૂમાફિયાઓનો કબજો યથાવત છે. તંત્ર દ્વારા સ્ટેમ્પ પેપર પર અપાયેલું લખાણ માત્ર કાગળનો ટુકડો બનીને રહી ગયું હોય તેમ જણાય છે. શાન્તિભાઈ પટેલે હવે મહીસાગર કલેક્ટર અને મામલતદારને પત્ર લખી જૂના વચનો યાદ અપાવતા વહીવટી તંત્રમાં ફરી ફાઈલો દોડતી થઈ છે. હવે જોવાનું એ રહે છે કે આ વખતે ખરેખર બુલડોઝર ચાલશે કે પછી ફરીથી 'કાગળ પરનું દબાણ' કરીને મામલો થાળે પાડી દેવાશે.

**જો તંત્ર પોતાના જ વચનનું પાલન ન કરી શકતું હોય, તો જનતાએ ક્યાં જવું?**

વરધરી ગામના દબાણો બાબતે સરકારી તંત્રએ 12 વર્ષ પહેલા સ્ટેમ્પ પેપર પર લેખિતમાં વચન આપ્યું હતું. જો તંત્ર પોતાના જ વચનનું પાલન ન કરી શકતું હોય, તો સામાન્ય જનતાએ ન્યાય માટે ક્યાં જવું? જાહેર રસ્તાઓ ખાલી ન થાય ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે. **- શાન્તિભાઈ બી. પટેલ, અરજદાર**

## ઉમરેઠમાં વિદ્યાર્થીઓએ રંગોળી દ્વારા મતદાતા જાગૃતિનો સંદેશો આપ્યો






ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીમાં મતદારો ઉત્સાહભેર ભાગ લે તે હેતુથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ કાર્યક્રમ હેઠળ વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ઉમરેઠની આગમ હાઈસ્કૂલ સહિત વિવિધ શાળાઓમાં રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓએ 'મેરા મત મેરા અધિકાર' અને 'લોકશાહીનું પર્વ' જેવા પ્રેરક સ્લોગન સાથે આકર્ષક રંગોળીઓ કંડારી હતી. સ્વીપના નોડલ ઓફિસર કામિનીબેન ત્રિવેદીના જણાવ્યા મુજબ, ઉમરેઠ મત વિસ્તારના 46 ગામોના મતદારો જાગૃત બને અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મહત્તમ મતદાન કરે તે માટે આ અનોખો જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# ખેડા ટોલ પ્લાઝા પાસે થારની ટક્કરે ઈકો પલટતાં 10 ઘવાયાં

**અકસ્માત સર્જી** માનવતા નેવે મૂકી થાર ચાલક ગાડી સાથે ફરાર



(પ્રતિનિધિ) નડિયાદ તા.5

અમદાવાદ-વડોદરા નેશનલ હાઈવે પર ખેડા ટોલ પ્લાઝા નજીક રવિવારે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે જતી થાર ગાડીના ચાલકે પોતાની નિર્ધારીત લેનમાં જતી ઈકો ગાડીને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ પ્રચંડ ટક્કરને કારણે ઈકો ગાડી હવામાં ફંગોળાઈને માર્ગ પર પલટી ખાઈ ગઈ હતી, જેના પરિણામે તેમાં સવાર 10 જેટલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

ઘટનાની વિગતો મુજબ, અકસ્માત સર્જ્યા બાદ થાર ચાલકે માનવતા દાખવવાને બદલે પોતાની ગાડી ડિવાઈડર પરથી કુદાવી સામેના ટ્રેક પર ચઢાવી દીધી હતી અને નડિયાદ તરફ બેફામ ગતિએ નાસી છૂટ્યો હતો. આ અકસ્માતમાં 3 મુસાફરોની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે, જેમને તાત્કાલિક સારવાર માટે ખેડા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ અકસ્માતને પગલે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગતા ટ્રાફિક જામ સર્જાયો હતો. હાઈવે પોલીસે ઘટનાસ્થળે પહોંચી અકસ્માતગ્રસ્ત વાહનો ખસેડી ટ્રાફિક હળવો કર્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી મળી આવેલા થાર ગાડીના તૂટેલા બમ્પરના ટુકડા અને પ્રત્યક્ષદર્શીઓના નિવેદનના આધારે ફરાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. હાઈવે પર બેફામ વાહન હંકારતા ચાલકોને કારણે નિર્દોષોના જીવ જોખમમાં મુકાતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

# આણંદ શહેરમાં બીમારીથી કંટાળેલા યુવકે જીવન ટૂંકાવ્યું

**લિવરની** બીમારીથી પીડાતાં યુવકે અંતિમ પગલું ભર્યું

(પ્રતિનિધિ) આણંદ તા.5

આણંદના છગનપુરા વિસ્તારમાં રહેતા એક 29 વર્ષીય યુવકે લાંબા સમયથી લિવરની બીમારીથી પીડાતા હોવાથી કંટાળીને આત્મહત્યા કરી લીધી છે. યુવકે પોતાના ઘરમાં એસિડ અને ફિનાઈલ પી આપઘાત કરી લીધો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આણંદના અમીન ઓટો સામે આવેલા છગનપુરામાં રહેતા સુનિલભાઈ વાઘજીભાઈ ગોહિલ (ઉં.વ. 29) છેલ્લા કેટલાક સમયથી લિવરની ગંભીર બીમારીનો ભોગ બન્યા હતા. સતત બીમારી અને તેનાથી થતી પીડાથી કંટાળી ગયેલા આ યુવકે ગત 4થી એપ્રિલના રોજ સવારના 10 વાગ્યાના સુમારે પોતાના જ ઘરમાં આત્મઘાતી પગલું ભરી એસિડ અને ફિનાઈલ ગટગટાવી લીધું હતું.

જોકે, સુનિલભાઈની તબિયત અચાનક બગડતા તેમના પિતા અને ભાઈને કંઈક અજૂગતું થયું હોવાનું જણાઈ આવ્યું હતું. આથી, પરિવારે તાત્કાલિક તેમને આણંદ જનરલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યા હતા. જ્યાં સ્થિતિ વધુ ગંભીર જણાતા તેમને વધુ સારવાર માટે તુલીપ હોસ્પિટલ અને ત્યારબાદ કૃષ્ણ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં કૃષ્ણ હોસ્પિટલમાં સારવાર દરમિયાન સુનિલભાઈ ગોહિલનું કરૂણ મોત નીપજ્યું હતું. આ અંગે આણંદ શહેર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માતર, નડિયાદ, ઠાસરા અને વસો તાલુકાની બેઠકો માટે નામોની જાહેરાત

# ખેડા જિલ્લામાં આમ આદમી પાર્ટીએ 18 ઉમેદવારો જાહેર કર્યા

**મહિલા** ઉમેદવારો અને પાયાના કાર્યકરો પર પસંદગીનો કળશ

(પ્રતિનિધિ) નડિયાદ તા.5

ગુજરાતમાં વર્ષ 2026માં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને અનુલક્ષીને આમ આદમી પાર્ટીએ ખેડા જિલ્લામાં અત્યારથી જ આક્રમક તૈયારીઓ શરૂ કરી દીધી છે. પક્ષની રાષ્ટ્રીય અને રાજ્ય ચૂંટણી સમિતિ દ્વારા જિલ્લાના ચાર તાલુકાઓની કુલ 18 બેઠકો માટે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરવામાં આવી છે, જેમાં સામાજિક સમીકરણો અને સ્થાનિક ચહેરાઓને વિશેષ મહત્વ અપાયું છે. આમ આદમી પાર્ટીએ સંગઠન સ્તરે તૈયારીઓ તેજ કરી મહિલાઓ અને પાયાના કાર્યકરોને પ્રાધાન્ય આપીને અન્ય પક્ષો કરતા વહેલી તકે ચૂંટણી મેદાનમાં ઝંપલાવ્યું છે.

### તાલુકાવાર જાહેર થયેલા ઉમેદવારો

**માતર તાલુકા:** અહીંની 5 બેઠકો પર પક્ષે ઉમેદવારો ઉતાર્યા છે, જેમાં બામણગામથી મકવાણા નગીનભાઈ, ઉંઢેલાથી રણછોડભાઈ અને મહિલા પ્રતિનિધિ તરીકે ભલાડાથી આરતીબેન ચૌહાણ, માલાવાડાથી રાધાબેન ભાભોર તેમજ પરીએજથી પરમાર નયનાબેનનો સમાવેશ થાય છે.

**નડિયાદ અને ઠાસરા:** નડિયાદની વીણા બેઠક પરથી શાહીનબાનો કુરેશીના નામની જાહેરાત કરાઈ છે. જ્યારે ઠાસરાની 4 બેઠકોમાં પાંડવણીયાથી સોલંકી બ્રિજેશકુમાર, મુળીયાદથી શોભનાબેન, સાંઢેલીથી પરમાર મહેન્દ્રભાઈ અને જેસાપુરા-મીઠાપુરાથી રાજપાલ ચાવડા ચૂંટણી લડશે.

**વસો તાલુકા:** વસોમાં સૌથી વધુ 8 બેઠકો પર નામો જાહેર કરાયા છે. જેમાં દંતાલીથી સોલંકી કોકિલાબેન, દેવાવાંટાથી મહિડા મનીષાબેન, પેટલીથી અજયકુમાર પરમાર, રામોલ-1 થી સંજયભાઈ અને રામોલ-2 થી રૂક્ષ્મણાબેન મહિડાને તક અપાઈ છે. આ ઉપરાંત પીજ-2 માં ડાભી રોનક, બામરોલીમાં વનરાજસિંહ અને અલીન્દ્રા બેઠક પર ચૌહાણ કનુભાઈના નામ ફાઈનલ થયા છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### મહેમદાવાદના પંચમુખી હનુમાનજી મંદિરે હનુમાન જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ



**મહેમદાવાદ |** મહેમદાવાદ સ્થિત પંચમુખી હનુમાનજી મંદિરે જન્મોત્સવ નિમિત્તે દાદાનો વિશેષ શણગાર, મહા મારુતિ યાગ અને મહિલા મંડળો દ્વારા સંગીતમય ભજનોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના અગ્રણીઓ, ડોક્ટરો અને વકીલો સહિત બે હજારથી વધુ ભાવિક ભક્તોએ ઉમટી પડી દાદાના દર્શન તેમજ મહાપ્રસાદીનો ભક્તિભાવપૂર્વક લાભ લીધો હતો. સીતારામ મહારાજ અને મુખ્ય ટ્રસ્ટી જીતુભાઈ શાહ સહિતના સેવા સમિતિના સભ્યોના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સુંદર અને સફળ રહ્યો હતો.

### આણંદના જાગનાથ મહાદેવ ગુરુકુળમાં હનુમાન જન્મોત્સવની ઉજવણી કરાઇ



**આણંદ |** હનુમાન જન્મોત્સવ નિમિત્તે શ્રી જાગનાથ મહાદેવ ગુરુકુળમાં મહંત શુભમપુરીજી મહારાજના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ માટે આઇસ્ક્રીમ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ સેવાકીય કાર્ય મુંબઇ સ્થિત દાતા મૃદીલાબેન દશરથભાઇ દેસાઇ તથા સ્વાતિબેન અશોકભાઇ દેસાઇ તરફથી કરવામાં આવ્યું હતું. આચાર્ય હર્ષિતભાઇ પટેલ અને શાળા પરિવારે દાતાઓનો આ ઉમદા કાર્ય બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### અરડી પ્રાથમિક શાળામાં એનઆરઆઈ દાતા પરિવાર દ્વારા શૈક્ષણિક કીટનું વિતરણ



**પેટલાદ |** પેટલાદના અરડી ગામે જોળ નિવાસી શ્રી પ્રિયાંગીનીબેન કેતનકુમાર પટેલ (યુએસએ) પરિવાર દ્વારા 390 વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અપાઇ હતી. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે શૈક્ષણિક સાધનોની સાથે ડોમ્સના કલરનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. વર્ગમાં પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થનાર તેજસ્વી તારલાઓને વિશેષ રૂપે લંચ બોક્સ અને કંપાસ અર્પણ કરાયા હતા. આચાર્ય ઉમેશભાઇ પટેલે આ સેવાકીય કાર્યના સંકલનકર્તા ભરતભાઇ પટેલ અને દાતા પરિવારનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

### આણંદ ફાયર બ્રિગેડ દ્વારા સંદેસરની શાળાઓમાં ફાયર સેફ્ટી અંગે જાગૃતિ તાલીમ યોજાઇ



**આણંદ |** આણંદ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ દ્વારા સંદેસર ગામની કન્યા અને કુમાર પ્રાથમિક શાળામાં 300 જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ફાયર અવેરનેસ ટ્રેનિંગનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. ફાયર ઓફિસર ધર્મેશ ગોરના માર્ગદર્શન હેઠળ ટીમે આગ બુઝાવવાની પદ્ધતિઓ, કટોકટીમાં બચાવ કામગીરી અને શાળાની ફિક્સ ફાયર સિસ્ટમ વિશે પ્રાયોગિક સમજૂતી આપી હતી. આ તાલીમનો મુખ્ય હેતુ યુવા પેઢીમાં ફાયર સેફ્ટી અંગે જાગૃતિ ફેલાવવાનો છે, જેથી સંભવિત દુર્ઘટનાઓ સમયે સમયસૂચકતા વાપરી શકાય. વિભાગ દ્વારા આગામી સમયમાં તમામ શાળા-કોલેજોમાં આ પ્રકારે સતત તાલીમ કાર્યક્રમો યોજીને સુરક્ષા અંગે સજાગ કરવામાં આવશે.

### આણંદમાં સિનિયર સિટીઝન ફોરમ દ્વારા 'વિશ્વ રંગમંચ દિન'ની શાનદાર ઉજવણી



**આણંદ |** ચરોતર એજયુકેશન સોસાયટી સંચાલિત સિનિયર સિટીઝન ફોરમ દ્વારા વિશ્વ રંગમંચ દિન નિમિત્તે 'બસ્તી કી પાઠશાલા' એકાંકી નાટકનું સફળ મંચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સિતાર વાદન અને શિવ તાંડવ નૃત્ય જેવી સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સાથે નાટકના લેખકો અને કલાકારોનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના મંત્રી કેતન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રમુખ મહેશ પટેલે ઉપસ્થિત સૌને વિશ્વ રંગભૂમિ દિવસના મહત્વ વિશે માહિતગાર કર્યા હતાં. આ કાર્યક્રમના અંતે મંત્રી જી.એન. ભાવસારે આભારવિધિ કરી હતી.

### કપડવંજની ભાઈલાકૂઈ પ્રા. શાળામાં ધોરણ 8ના વિદ્યાર્થીઓનો ભાવભીનો વિદાય સમારંભ યોજાયો



**કપડવંજ |** કપડવંજ તાલુકાની ભાઈલાકૂઈ પ્રાથમિક શાળામાં ધોરણ 8ના વિદ્યાર્થીઓ માટે વિદાય અને શુભેચ્છા સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓનું હાર પહેરાવી સન્માન કરી તેમને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને ભેટ આપવામાં આવી હતી, જ્યારે વિદ્યાર્થીઓએ શાળાને સ્મૃતિરૂપે ઘડિયાળ અર્પણ કરી અને 'સ્મૃતિ વૃક્ષ' પર પોતાના નિશાન કંડારી યાદો તાજી કરી હતી. વિદાય ગીતો અને સંસ્મરણોથી વાતાવરણ ભાવુક બની ગયું હતું.

### કઠલાલના ટેકરી ફળિયા હનુમાનજી મંદિરે ભક્તિ-શક્તિનો ત્રિવેણી સંગમ



**કઠલાલ |** કઠલાલના પૌરાણિક મંદિરે મારુતિ યજ્ઞ અને મહિલા ટીમો દ્વારા રજૂ કરાયેલા શૌર્યપૂર્ણ તલવારબાજીના કરતબો સાથે હનુમાન જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અઢી હજારથી વધુ લોકોની હાજરીમાં યોજાયેલા હિન્દુ સંમેલનમાં 11 ભજન મંડળીઓનું સન્માન કરાયું અને 3 હજારથી વધુ ભક્તોએ શિસ્તબદ્ધ રીતે મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. રાજકીય અગ્રણીઓ અને વહીવટી અધિકારીઓની હાજરીમાં સાંજે ૧૧૦૦ કોડિયાની ભવ્ય સમૂહ આરતી અને આકાશમાં શાનદાર આતશબાજીનું આયોજન કરાયું હતું.

### કપડવંજના જડાવબા શિશુ કેન્દ્રમાં ઉનાળુ ઋતુનું આકર્ષક પ્રદર્શન યોજાયું



**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળ સંચાલિત જડાવબા શિશુ કેન્દ્રમાં બાળકો માટે ઉનાળુ ઋતુને લક્ષમાં રાખીને એક વિશેષ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાના બાળકો દ્વારા ઉનાળાની ઋતુને અનુરૂપ વિવિધ આકર્ષક મોડેલ્સ રજૂ કરી પોતાની સર્જનાત્મકતા પ્રદર્શિત કરવામાં આવી હતી. પ્રદર્શન દરમિયાન બાળકોને ઉનાળાના ફળો, શાકભાજી, તહેવારો તેમજ ગરમીથી બચવાના ઉપાયો અને પાણીના મહત્વ વિશે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. આ શૈક્ષણિક કાર્યક્રમમાં ભૂલકાઓએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને રમત-ગમત સાથે નવું જ્ઞાન મેળવી આનંદ વ્યક્ત કર્યો હતો.

### સરદાર પટેલ યુનિવર્સિટીના કાયદા વિભાગ દ્વારા વાર્ષિકોત્સવ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન સંપન્ન



**આણંદ |** વલ્લભ વિદ્યાનગરની એસપી યુનિવર્સિટીના અનુસ્નાતક કાયદા વિભાગ દ્વારા કુલપતિ ડો. નિરંજન પટેલના માર્ગદર્શન હેઠળ વાર્ષિકોત્સવ અને સ્નેહમિલનનું સફળ આયોજન કરાયું હતું. આ પ્રસંગે ન્યાયાધીશ તરીકે પસંદગી પામેલ બે ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓનું વિશેષ સન્માન અને 'વિકસિત ભારત' વિષય પર 'પ્રજ્ઞા' ISSN જર્નલનું વિમોચન કરવામાં આવ્યું હતું. કુલપતિએ વિદ્યાર્થીઓને જીવનમાં નૈતિક મૂલ્યો અને 'પાંચ-ભ' (સ્વભાષા, સ્વભૂષા, સ્વભોજન, સ્વભજન અને સ્વભ્રમણ)ના મહત્વ વિશે પ્રેરણાદાયી ઉદબોધન આપ્યું હતું. આશરે 140 વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

### ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત ઓડ ખાતે 337 ચૂંટણી સ્ટાફની પ્રથમ તાલીમ યોજાઇ



**આણંદ |** ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીના સુવ્યવસ્થિત સંચાલન માટે ઓડની ડી.એમ. પટેલ કોલેજ ખાતે ચૂંટણી સ્ટાફની પ્રથમ તાલીમ યોજાઈ હતી. જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ તાલીમમાં ૩૩૭ જેટલા પ્રિસાઈડીંગ અને પોલિંગ ઓફિસરોને ઈવીએમ તથા વીવીપેટના સંચાલન અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. માસ્ટર ટ્રેનર કુંજલ શાહ દ્વારા ચૂંટણી પંચની માર્ગદર્શિકા અને મતદાન મથકની વ્યવસ્થા અંગે સ્ટાફને જરૂરી માર્ગદર્શન પૂરું પડાયું હતું. 23મી એપ્રિલના રોજ યોજાનાર મતદાન પ્રક્રિયા મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે વહીવટી તંત્ર દ્વારા તૈયારી તેજ કરવામાં આવી છે.

જાહેર હરાજી
આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે મોજે પરસાંતજ, તા.જી.ખેડાના ગામે પરસાંતજ ગ્રા.પં. માલિકીની જૂની જર્જરીત ઓરડીની અંદાજીત કિંમત ૮૩૦૦/- નક્કી કરેલ છે. જેની હરાજી ૨૪/૪/૨૦૨૬ ને શુક્રવાર બપોરે ૧: ૦૦ કલાકે રાખેલ છે. તથા ડીપોઝીટ રકમ પેટે રૂ.૨૧૦૦/- તથા હરાજીની અન્ય શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. તો હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા તમામ ઈસમોએ ઉપરોક્ત સમય તથા જણાવેલ સ્થળે હાજર રહેવુ.
સહી/- સરપંચશ્રી, પરસાંતજ ગ્રામ પંચાયત, તા.જી.ખેડા
સહી/- તલાટી કમ મંત્રી, પરસાંતજ ગ્રામ પંચાયત, તા.જી.ખેડા